અપીલ અરજી નં.૨૭૬ તા.૨૭–૧૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી રામાશંકર મહેશ નાવીક
સામાવાળા:– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામાશંકર મહેશ નાવીકની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી બમરોલી વોર્ડ નં.૬૮બી, રે.સ.નં.૧૮૭ પૈકી નોંધ નં.૨૫૧ માં નોંધાયેલી મિલ્કત માં ટેના.નં.૬૮બી–૦૧–૬૫૦૧–૦–૦૦૧ માં તેમનું નામ ચાલતુ હતું જે આકારણી દફતરેથી કમી કરી બીજાનું નામ શ્રી કમલનારાયણ નરેશ નું કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૬/૨૦૦૯–૧૦

શ્રી રામાશંકર મહેશ નાવીકની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી બમરોલી વોર્ડ નં.૬૮બી, રે.સ.નં.૧૮૭ પૈકી નોંધ નં.૨૫૧ માં નોંધાયેલી મિલ્કત માં ટેના.નં.૬૮બી–૦૧–૬૫૦૧–૦–૦૦૧ માં તેમનું નામ ચાલતુ હતું જે આકારણી દફતરેથી કમી કરી બીજાનું નામ શ્રી કમલનારાયણ નરેશનું કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૮ તા.૩–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ચોકકસ શું માહિતી માંગેલ તેની વિગત તથા માહિતી માટે માંગણી કરેલ છે કે ફરીયાદ નિકાલ તે સ્પષ્ટ થતું નથી તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૦૭ તા.૧૫–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ અરજદારે તા.૨૮–૪–૦૯ ના રોજ આકારણી વિભાગ ઉધનાઝોનમાં કરેલ અરજીની નકલ, તા.૨૨–૬–૦૯ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રીને કરેલી અરજીની નકલ, નોંધ વિભાગ, ત્રાહિત વ્યકિતની માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૯૬ તા.૫–૧૧–૦૯ ના પત્રની નકલ તથા યુપીસી કર્યાનો પુરાવો, અરજદારને માહિતી અંગે દસ્તાવેજ ફી અંગે પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૧૫ તા.૨૪–૧૧–૦૯ ના પત્ર તથા યુપીસી કર્યા અંગેનો પુરાવોની નકલ, સદર મિલ્કત અંગેનું રીકવીઝેશન ફોર્મ, સદર મિલ્કતનું લાઈટબીલ સદર મિલ્કતની તા.૩૦–૧૨–૯૯ બમરોલી ગ્રુપ ગ્રામ પંચાયતના બાંધકામની રજાચિઠ્ઠી, બમરોલી ગ્રામ પંચાયતના તા.૩૦–૧૦–૭૯ ના પત્રની નકલ, સદર મિલ્કતની કબ્જા રસીદ વિગેરે પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૧૨–૦૯ ના રોજ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી બમરોલી વોર્ડ નં.૬૮બી, રે.સ.નં.૧૮૭ પૈકી નોંધ નં.૨૫૧ માં નોંધાયેલી મિલ્કત માં ટેના.નં.૬૮બી–૦૧–૬૫૦૧–૦–૦૦૧ માં તેમનું નામ ચાલતુ હતું જે આકારણી દફતરેથી કમી કરી બીજાનું નામ શ્રી કમલનારાયણ નરેશનું કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુંસધાને જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી અંગે શ્રી કમલનારાયણ શ્રી ગણેશ નાસીકને સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૯૬ તા.૫–૧૧–૦૯ થી પત્ર પાઠવી અભિપ્રાય માંગવામાં આવેલ પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં તા.૧૬–૧૧–૦૯ સુધી અભિપ્રાય આપવા જણાવેલ છે. પરંતુ તેમના આપેલ અભિપ્રાયની કોઈ વિગતો કે નિર્ણય જણાવેલ નથી. પરંતુ અરજદારને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૧૫ તા.૨૪–૧૧–૦૯ થી પાના કુલ સંખ્યા ૧૧ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. પરંતુ તે માહિતી મેળવેલ છે કે કેમ તેની કોઈ વિગતો અપીલ તબકકે અરજદારે રજૂ કરેલ નથી. અરજદારે તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી તા.૨૧–૧૦–૦૯ ની માહિતી અધિકાર નિયમ અનુસાર માહિતી ન આપવાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે સાથે તેઓએ તા.૨૮–૪–૦૯ રામશંકરભાઈ નાવીકનું નામ દાખલ કરવા બાબતની તથા તા.૨૬–૬–૦૯ કમલનારાયણનું નામ દફતરે દાખલ કરવામાં આવેલ છે તે કમી કરી રમાશંકર મહેશભાઈ નાવીકનું નામ દફતરે દાખલ કરવા માટેની અરજી બાબતે કાર્યવાહીને લગતી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં માહિતી નહીં મળ્યા બાબતે કરેલી રજૂઆત તથા અરજદારે તા.૨૨–૧૨–૦૯ ના રોજ પત્રથી કમલનારાયણનું નામ કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૪–૧૧–૦૯ ના પત્રથી દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પણ પાના નં.૧૧ તુમારના દસ્તાવેજો પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે પરંતુ અરજદારે પૈસા ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી તેવી વિગત જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૧૫ તા.૨૪–૧૧–૦૯ થી દસ્તાવજે ફી ભરપાઈ કરી મેળવવા અરજદારને જણાવવામાં આવેલ છે. વધુમાં અપીલ તબકકે પણ જાહેર માહિતી અધિકારીએ દસ્તાવેજો પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. આથી અરજદારને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દસ્તાવેજ ફી દિન–૭ માં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. માહિતીના ઈન્કારનો કોઈ કેસ બનતો ન હોય અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામાશંકર મહેશ નાવીક